
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભગવાનની પૂંજીમાં ભાગીદાર બનો



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# ભગવાનની પૂંજીમાં ભાગીદાર બનો

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

દેવીઓ, ભાઈઓ ! જમીનની અંદર પુષ્કળ કીમતી ચીજો દટાયેલી છે. તેની અંદર હીરા છે, સોનું છે, કોલસો તથા લોખંડ છે અને કોને ખબર બીજું શું શું ભરેલું છે. જમીનનું ખોદકામ કરતાં આપણને તેની અંદર તેલ જોવા મળે છે અને બીજી કીમતી વસ્તુઓ પણ મળે છે, પરંતુ બહાર જમીન ઉપર આપણે શોધવા નીકળીએ તો ઘાસપાન કે કૂંડાકચરા સિવાય બીજું કશું જોવા મળતું નથી. હીરા ક્યાંય જોવા મળતા નથી, સોનું જમીન ઉપર પડેલું જોવા નથી મળતું કીમતી વસ્તુઓ મેળવવા માટે જમીનમાં ઉંડે સુધી ખોદકામ કરવું પડે છે. બસ, એવી જ રીતે મેં મારી અંદર જોયું તો મને ઘણી જ કીમતી ચીજ નજરે પડી. તમને લોકોને અહીં બોલાવીને મારી એ મનઃસ્થિતિ તમારી સામે દિલ ખોલીને બતાવી શકયો હોત તો તમે પણ મારી જેમ જ ધન્ય થઈ જાત.

મિત્રો ! મારા દેવદૂતે જિંદગીના બે કીમતી ભાગ મને બતાવ્યા - એક શરૂઆતનો અને બીજો અંતિમ ભાગ. બંને ભાગ એટલા બધા કીમતી હતા કે એની તુલનામાં બીજી કોઈ કીમતી વસ્તુ કોઈની પણ જિંદગીમાં હોઈ જ ન શકે. મારા દેવદૂતે મને જિંદગીનો શરૂઆતનો ભાગ બતાવ્યો અને મેં જોયું કે ભગવાને દુર્લભ એવી ખૂબ કીમતી વસ્તુ મારા હાથમાં સોંપી દીધી છે. કેટલો મોટો હીરાનો હાર, જેની કોઈ કિંમત આંકી શકાતી નથી. કોમ્પ્યુટરોની કીમત ઘણી છે, અન્ય વસ્તુઓની કીમત ઘણી જ છે, પરંતુ જિંદગી કરતાં વધારે દુર્લભ ચીજ બીજી કોઈ હોઈ જ ન શકે. મનુષ્યની જિંદગી, જેને માટે દેવતાઓ આતુર છે અને એવું કહે છે કે અમને મનુષ્યની જિંદગી મળવી જોઇએ કેમ કે આની અંદર તો કર્મનો પણ આનંદ છે. દેવયોનિમાં તો કર્મનો આનંદ જ નથી.

દેવતા ભોગયોનિ છે અને પશુ પણ ભોગયોનિ છે, પરંતુ મનુષ્યયોનિમાં ખટમીઠો આનંદ છે. એ કર્મ કરી પણ શકે છે અને ભોગવી પણ શકે છે. આવું મનુષ્યજીવનનું દુર્લભ સુખ કોઈ બીજા પ્રાણીને નથી મળ્યું. ચોર્યાસી લાખ યોનિઓમાંથી કોઈને પણ નથી મળ્યું. એટલું કીમતી જીવન મને ભગવાને આપ્યું છે. માથું ઊંચું થઈ ગયું, છાતી બહાર આવી ગઈ. મનુષ્યનો જન્મ એટલો સામર્થ્યવાન છે કે માનવી આનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરી શકે તો બીજો ભગવાન બની શકે છે. મેં એની કીમત જાણી અને મારા દેવદૂતે મને બતાવી.

સાથીઓ ! આટલી મોટી વસ્તુ પામીને આનો યોગ્ય રીતે ઉપયોગ કરવો એ પણ એક મોટી વાત છે. કોઈ બાપ લાખો-કરોડોની સંપતિ આપીને જાય અને તેના દીકરા કપૂત નીકળે, બધી જ સંપત્તિને જુગાર અને દારૂમાં ખર્ચી નાંખે તો કોઈ શું કરી શકે ? તેમાં બાપનો શો વાંક હોઈ શકે ? જિંદગી આટલી કીમતી વસ્તુ છે. હવે મારે આનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરવો પડશે. મારા ગુરુએ મને જણાવ્યું કે માનવજીવન કેટલું કીમતી છે. શું તું એને સમજી શકયો છે ? મેં કહ્યું, --હા, આ ઘણું જ કીમતી છે. આનાથી સુંદર બીજી કોઈ સંપત્તિ હોઈ ન શકે. મેં જિંદગીનો એક ભાગ જોયો, જે મને મારા દેવદૂતે બતાવ્યો. ક્યારે ? આજથી પંચાવન વર્ષ પહેલાં. તે સમયે આ જ વસંતના દિવસો ચાલી રહ્યા હતા.

મિત્રો ! મારા દેવદૂતે મને જિંદગીનો બીજો એક ભાગ બતાવ્યો. એ કયો ભાગ ? એ અંતિમ ભાગ, જે દિવસે મનુષ્ય મૃત્યું પામે છે. મેં મૃત્યુને જોયું. એકવાર જોયું, બેવાર જોયું, ત્રણવાર જોયું, પોતાને મૃત્યું પામતો જોયો. મૃત્યું સમયે મનુષ્યને કેટલી પીડા, કેટલી વ્યથા, કેટલો પશ્ચાત્તાપ, કેટલી ઈર્ષ્યા, કેટલું દુઃખ, કેટલો હાહાકાર થઈ રહ્યો હોય છે ? એ બધી જ ઘટનાઓના દ્રશ્યોને મેં જોયા, પરંતુ મેં મારા શીરને સળગતું જોયું અને એ શૂળ, એ પીડાને પણ જોઈ, જેને હું ગુમાવી ચૂકયો હતો. જિંદગીને મામૂલી કાર્યોમાં ખરચી નાંખી. દુઃખનું કોઈ ઠેકાણું ન હતું, પશ્ચાત્તાપની સીમા ન હતી, રુદનનો કોઈ અંત ન હતો, હાહાકારનો અંત ન હતો, ચિત્કારનો કોઈ અંત ન હતો. હા ! મેં કેવી ભૂલ કરી હતી. આ મનુષ્યની જિંદગીને સારા કાર્યમાં ઉપયોગમાં લઈ શકયો હોત, પરંતુ મે આને કીડીમંકોડાની જેમ વેડફી નાંખી.

## પેટ -પ્રજનનનું જીવન

કીડીમંકોડા બે કાર્યને માટે જીવતા રહે છે- એક પેટ ભરવા માટે અને બીજું ઓલાદ ઉત્પન્ન કરવા માટે. બે સિવાય ત્રીજું કોઈ કામ કરી શકતા નથી. ન તેમનામાં અક્કલ હોય છે, ન હિંમત હોય છે, ન બુદ્ધિ હોય છે, ન સમજ હોય છે, ન પરિસ્થિતિ હોય છે કે ન સાહસ હોય છે. કશું જ હોતું નથી. તેઓ બે કામ કરતાં રહે છે. જ્યારથી જન્મ લે છે ત્યારથી પેટનું પોષણ કરે છે અને ઓલાદ પેદા કરે છે અને મરી જાય છે, તેવી જ રીતે મારો પણ જન્મ થયો અને હું પણ મર્યો. રડી પડયો કે હવે જ્યારે આ જિંદગી પૂરી થઈ જશે ત્યારે મારે કયાં જવું પડશે ? કઈ યોનિમાં જવાનું થશે ? કોને ખબર કયાં કયાં જવું પડશે ? કેટલું દુઃખ પડશે ? આ બધું જ મેં મૃત્યુના દિવસે જોયું. મોતની ઘડી જોઈ, મારી પોતાની લાશને ચિતા ઉપર પડેલી જોઈ. ચિત્કાર કરી ઉઠયો કે હાય રે ! હું કેવો અભાગિયો ? જો મને એક જ કીમતી વાત સમજમાં આવી ગઈ હોત કે જિંદગીનો યોગ્ય રીતે ઉપયોગ કરવો તો મજા આવી જાત.

મિત્રો ! નાની નાની મુશ્કેલીઓ જેવી કે મકાનનું છાપરું ન કરાવી શકયો, મકાનમાં ટિનના પતરા નંખાવી ન શકયો, આ છોકરીને વકીલ જમાઈ ન મળ્યો, આ છોકરાની વહુને આટલા ઘરેણાં ન મળ્યા. આ બાળકોની રમત જેવી નાની નાની, રાઈના દાણા જેવી સમસ્યાઓ છે, જેનાથી મનુષ્યને ન તો કશું નુકસાન થઈ શકે છે કે ન તો કશો ફાયદો. આ રાઈના દાણા જેવી સમસ્યાઓને હું પહાડ જેવી સમજતો રહ્યો, પરંતુ જેને માટે કીમતી જિંદગી આપવામાં આવી હતી તેના વિષયમાં વિચાર કરી ન શકયો. હું રડી પડયો. આવું જ મેં ઘણીવાર જોયું. પાછલા ત્રણ જન્મો સિવાયનું મને મારા ગુરુએ બતાવ્યું અને હું ચોકી ઉઠયો. હું ચોકી પડયો અને મેં તેમના ચરણો પકડીને કહ્યું, "બતાવો, મારે શું કરવું જોઇએ ? તેમણે કહ્યું," એક જ કામ કરવું જોઇએ અને તે એ કે જિંદગીનું મૂલ્ય સમજવું જોઇએ. જિંદગીનો યોગ્ય ઉપયોગ શો હોઈ શકે તે વિષયમાં ધ્યાનપૂર્વક વિચારવું જોઇએ. એટલી હિંમત એકઠી કરવી જોઇએ, જેનાથી જિંદગીનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીશ કાય. આટલું જ કરવાનું છે. બીજું કશું જ કરવાનું નથી. આજથી પંચાવન વર્ષ પહેલાં મારા ગુરુદેવ દ્વારા મને જણાવવામાં આવ્યું હતું અને હું ચોકી પડયો અને જાગી ગયો.

## પ્રસુપ્તિમાંથી જાગૃતિ

હું ઇચ્છતો હતો કે તમને બધા મિત્રોને બોલાવીને એ જણાવું, જેથી તમને પણ એવો જ અવસર મળી જાય, કદાચ તમે પણ ચોંકી પડો અને તમે પણ જાગી જાઓ. તમે પણ જિંદગીની કીમતને સમજી શકો. જિંદગી જ્યારે હાથમાંથી નીકળી જાય છે ત્યારે આપણે કેવી કેવી પરિસ્થિતિઓમાં રહેવું પડે છે તે વિષયમાં કદાચ તમારા હૃદયમાં પીડા ઉત્પન્ન થઈ જાય. આપ પણ મારી જેમ ધન્ય થઈ જશો. હું ઇચ્છું છું કે તમને પણ એવો અવસર મળે જેવો મને મળ્યો છે. જેવી રીતે હું જાગી ગયો અને સમજી ગયો કે જિંદગી કીમતી છે અને હું આનો યોગ્ય રીતે ઉપયોગ કરીશ. કીડીમંકોડાની જેમ, જનાવરોની માફક જીવું નહિ, પરંતુ મનુષ્યની માફક જીવીશ. જે કામને માટે મને ભગવાને જન્મ આપ્યો છે તેને પૂરું કરવાનો નિશ્ચય મેં કરી લીધો, સંકલ્પ કરી લીધો કે જીવીશ તો આવી જ રીતે જીવીશ.

મિત્રો ! હવે શું કરવું જોઇએ ? કેવું પગલું ભરવું જોઇએ ? મેં ફરીથી મારા એ દેવદૂતને બીજો સવાલ પૂછયો કે જ્યારે હવે તમે મને જાગૃત કરી જ દીધો છે અને એ પણ જણાવી દીધું છે કે જિંદગીનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ, તો તમે જ બતાવો કે મારે હવે શું કરવું ? તેમણે મને બીજી વાત એ સમજાવી કે દુનિયામાં એક જ સમજદારી છે કે એકલી વ્યક્તિ લાંબી મંજિલ પાર કરી શકતી નથી. લાંબો રસ્તો પૂરો કરવાને માટે બે પગની જરૂર પડે છે. બે પગ પર ચાલીને જ આપણે લાંબો રસ્તો પૂરો કરી શકીએ છીએ. બે હાથ વડે જ બધું કામ થાય છે. જિંદગીની નાવ પાર કરવાને માટે બે સહયોગીઓની જરૂરિયાત હોય છે. એટલે તમે પણ બીજા સહયોગી શોધી કાઢો.

મેં કહ્યું, "ગુરુદેવ ! આ તમે શું કહેવા માગો છો? ક્યાંક લગ્ન વિષે તો કશું કહેતા નથી ને ? ના, લગ્ન કરવા સાથે સંબંધિત નથી. જે રીતે હોડી દ્વારા નદીને પાર કરવા માટે બે હાથની અને બે હલેસાંઓની જરૂર કપડે છે તેવી જ રીતે તમારે પણ એક બીજો સહાયક શોધી લેવો જોઇએ. તેમણે કહ્યું કે ભગવાનને સહાયકના રૂપમાં શોધી લેવા જોઇએ. અને બીજા એક માનવીને. એક માનવી અને એક ભગવાન બંનેને તમે

તમે સાથીદાર બનાવી લો, પછી જુઓ કેવી મજા આવે છે. પછી જુઓ કે જિંદગીની નાવ કઈ રીતે આગળ વધે છે અને ઉન્નતિનો રસ્તો કેવી રીતે ખૂલે છે.

## ભાગીદારીનો મર્મ

મિત્રો ! પછી મેં પૂછયું કે મારે શું કરવાનું છે ? તેમણે કહ્યું કે તમે ખબર નથી કે જે દુકાનદાર હોય છે, વ્યાપારી હોય છે તેઓ શું કામ કરે છે ? તમે જ જણાવો, મને તો ખબર નથી, તેમણે કહ્યું કે બેંકની સાથે ભાગીદારી કરી લે છે. મૂડી બેંકની હોય છે, પંચોતેર ટકા પૈસા બેંકમાંથી આવે છે, પચ્ચીસ ટકા પોતાના હોય છે. સરકાર પણ આવી જ રીતે લોન આપે છે. જમીન પોતાની ખરીદી લો અને લોન સરકાર પાસેથી લઈ લો. કારખાનું પોતાનું નાખી દો, મશીનરી પોતાની લગાવી લો, મૂડી બેંકની ઉપયોગમાં લો. બેંક એકધારી આપતી રહે છે. ભગવાન એક બેંક છે. જો આપણે તેની સાથે ભાગીદારી કરી લઈએ અતો આપણા જીવનના ધંધા રોજગાર અને આપણા જીવનનો વ્યાપાર સારી રીતે ચાલીશ કે છે. એકલા ચલાવીએ તો ? બેટા, એકલા તો ઘણું જ મુશ્કેલ છે.

પોતાની ભુજાઓની તાકાત વડે, પોતાના પુરુષાર્થ વડે, પોતાની અક્કલ વડે આપણે ઘણી થોડી મંજિલ પાર કરી શકીએ છીએ, પરંતુ જો એક પણ આપણો અને એક પગ ભગવાનનો - આ પ્રકારની ભાગીદારી થઈ જાય, તો મજા આવી જાય. ભગવાન સાથે ભાગીદારી કઈ રીતે થશે, જણાવો. ભાગીદારીની કેટલીક શરતો હોય છે. બેંક પૈસા આપે છે, પરંતુ તેની પણ બે શરતો હોય છે. એક શરત એ કે તમે જે કામને માટે પૈસા લીધા છે તે જ કામમાં વાપરો. આ બેંકની પહેલી શરત છે.

બેંક શું છે ? બેંક એટલે ભગવાન, ભગવાનનો અનુગ્રહ. તમે જે કામ માટે તે પ્રાત કરવાની કોશિશ કરી છે તેને એ જ કામમાં વાપરો. આ ભગવાનનો પ્રેમ અને અનુગ્રહ નંબર એક છે. નંબર બે - વ્યાજ સાથે તેને પરત કરો. મૂળ રકમ પરત કરવા સોગંદ લો અને એવું કહો કે અમે ન કેવળ તમારું મૂળ ધન આપીશું, પરંતુ તમારું ધન વ્યાજ સમેત પરત કરીશું. ત્યારે જ બેંક તમને પૈસા આપશે. ભગવાનના વિષયમાં પણ આ જ વાત છે, જેના વિષયમાં મારા ગુરુદેવે કહ્યું હતું કે તમારે ભગવાનનો પ્રેમ પામો

જોઇએ અને ભગવાનની શક્તિ અને સહાયતાનો સક્રિય લાભ ઉઠાવવો જોઇએ.

કોઈ શોર્ટકટ નહીં.

આને માટે શું કરવું પડશે ? બીજા લોકો તો ભગવાન સાથે માથાફૂટ કરે છે, મશ્કરી કરે છે. મશ્કરી શું હોય છે ? એ હોય છે, જેમ કે લાકડીથી અડકવું. એક મશ્કરો હતો. તેણે ગાયનું દૂધ પીવા માટે શું કર્યું ?

પોલા વાંસની એક નળી લીધી અને ગાયના આંચળ સાથે અડાડી અને હુક્કાની જેમ જ દૂરથી દૂધ પીવા લાગ્યો. એક જણે પૂછયું, મહાશયજી ! આ તમે શું કરી રહ્યાં છો ? "લાકડીથી ગાયનું દુધ પી રહ્યો છે." ના સાહેબ ! લાકડીથી અડકીને દૂધ ન પી શકાય. તો કેવી રીતે પી શકાય ? પહેલાં તમે ગાય પાળો અને તેને ઘાસ ખવડાવો. તો શું ગાયને ચારો પણ ખવડાવવો પડશે ? પાણી પણ પિવડાવવું પડશે ? સાચવવી પણ પડશે અને ગાયને દોહવી પણ પડશે ? હા, જો આટલી બધી મગજમારી હોય, તો હું એવું નહીં કરી શકું. તો બેટા, ગાયનું દૂધ તારા નસીબમાં નથી. ના સાહેબ ! મેં તો સાંભળ્યું હતું કે લાકડી લો અને તેના છેડાને આંચળ સાથે અડાડીને ચૂસવા લાગો. આ સિવાય તમારે કશું જ કરવાનું નથી. નથી ઘાસ નાંખવાનું, નથી ચારો નાંખવાનો, નથી પાણી પિવડાવવાનું, કશું જ કરવાનું નથી.

આનો શો અર્થ ? આનો અર્થ છે કે માળા ફેરવો અને દૂધ પીવો. માળા એટલે લાકડી. લાકડી ગાયના આંચળને અડકાડો અને ચૂસતા જાઓ. બસ, થઈ જાઓ માલામાલ. થઈ જાઓ ધન્ય તમને તો એવું જ જણાવવામાં આવ્યું છે ને કે અગિયાર માળા જપો અને દેવીને પ્રસન્ન કરી લો, હનુમાનજીને પ્રસન્ન કરી લો. હનુમાન ચાલીસાના પાઠ કરો, ચોખા, ધૂપ, દીપ, નૈવેદ્ય ચઢાવી દો. આવું જ તમને જણાવવામાં આવ્યું છે ને ? હા સાહેબ, જો આખી દુનિયા ગાંડી છે, તો હું પણ ગાંડો છું, હા બેટા, આ દુનિયા આખી ગાંડી છે. એ ભગવાનને બેવકૂફ સમજે છે. પરંતુ ભગવાન ઘણા જ સમજદાર છે. ભગવાને આટલી મોટી દુનિયા બનાવી છે, કાયદાકાનૂન બનાવ્યા છે, નિયમ અને મર્યાદાઓ બનાવી છે. તેથી તમે ખુશામતના આધારે ખોટાં ખોટાં વખાણ કરીને અને પ્રસાદ કે ધૂપબત્તીના આધારે તેમની કૃપા પ્રાપ્ત કરી શકો નહિ.

## ભગવાનની પૂંજીમાં ભાગીદાર

મિત્રો ! મેં મારા ગુરુદેવને કહ્યું કે તો પછી તમે જ જણાવો કે મારે શું કરવાનું છે ? તેમણે કહ્યું કે ભગવાનને પોતાની જિંદગીના વેપાર ધંધામાં ભાગીદાર બનાવી લો. કેવા ભાગીદાર ? જેમ કે બેંકમાં એક વ્યક્તિ ભાગીદાર થઈ જાય છે, જે બેંકની પૂંજીમાં પોતાનો ભાગ જોડતો આગળ વધે છે. મેં પણ ભગવાનની બેંકમાં મારી પૂંજી રોકવાની શરૂ કરી દીધી અને ભગવાને પણ પોતાની પૂંજી આપવાનું સ્વીકારી લીધું. પહેલા જ દિવસથી મને ભગવાનની પૂંજી મળવાની શરૂ થઈ ગઈ. જે કામને માટે દરખાસ્ત આપી હતી કે મારે આપની પૂંજીની જરૂર છે એ જ કામને માટે મેં ખર્ચ કર્યો. ભગવાનની કૃપા, ભગવાનનો અનુગ્રહ, ભગવાનનો પ્રેમ મારે માટે મેં ન ખર્ચ્યો, મરે એની જરૂર પણ શી હતી ? મારું પેટ મૂઠી જેટલું છે. એટલે મુઠ્ઠીભર અનાજ વડે હું પેટને પૂરું ભરી શકું છું. આમાં ભગવાનની સહાયતાની મારે જરા સરખી પણ આવશ્યકતા નથી, પરંતુ જો મારી ભૂખ વધી ગઈ હોય, તો તેને કોઈ જ પૂરી કરી શકે નહિ. રાવણની ભૂખ પૂરી થઈ ન શકી, હિરણ્યકશ્યપની ભૂખ પૂરી થઈ ન શકી. સિકંદરની ભૂખ પૂરી થઈ ન શકી, જો તમારી ભૂખ પણ વધીગઈ હોય, તો ભગવાન પણ તેને પૂરી શકશે નહીં. જો તેઓ આ માટીમાં ભળી જાય, તો પણ તમારી ભૂખને પૂરી કરી શકશે નહિ.

મિત્રો ! પોતાની જરૂરિયાતને માટે તમારે ભગવાનની સામે ખુશામત કરવાની અને નાકલીટી તાણવાની કોઈ જરૂર નથી. ભગવાને પહેલેથી જ બે દેવતાઓ આપણને સોંપી દીધા છે અને એવું કહ્યું છે કે આ દેવતા જ સામાન્ય મનુષ્યની જિંદગીની જરૂરિયાતોને પૂરી કરી શકે છે અને એ દેવતા છે - આપણા આ બે હાથ. છ ફૂટ લાંબું આપણું આ શરીર છે અને છ ઈંચ આપણું પેટ છે. આપણે ઘાસ કાપી શકીએ છીએ, રિક્ષા ચલાવી શકીએ છીએ કે બીજું કોઈપણ કામ કરી શકીએ છીએ. આપણું પેટ ભરવા માટે બંને હાથ હાજર છે. આપણી અક્કલ એટલી છે કે શરીર ઢાંકવા માટે કપડાં અને શરીરને જીવંત રાખવા માટે છાંયો મેળવી શકીએ છીએ. અનાજ ઉગાડી શકીએ છીએ. આને માટે ભગવાનને શું કહેવાનું ?

ના સાહેબ ! અમે તો એના માટે જ લક્ષ્મીજીની પૂજા કરતા હતા. ના બેટા ! આ કામને માટે લક્ષ્મીજીની પૂજા કરવાની જરૂર નથી. આને માટે બીજો કોઈ રસ્તો છે. તમે તો એ રસ્તો ભૂલી જ ગયા. સાહેબ, હું તો શંકરજીની પૂજા કરું છું. શા માટે કરો છો ? એટલા માટે કરું છું કે ધન મળી જાય. શંકરજીની પાસે ધન હતું ખરું ? મકાન હતું ખરું ? ના, ન હતું. કપડાં હતા ? ના, ન હતા. નાગા બાવાઓની જેમ સ્મશાનમાં પડય રહેતા હતા. તેમના પોતાના ઘરમાં તો લક્ષ્મી નથી, તને વળી લક્ષ્મી ક્યાંથી આપશે ? ગુરુજી ! હું તો એટલા માટે ભજન કરતો હતો. ના બેટા ! એટલા માટે ભજન કરવાની જરૂર નથી.

### મળ્યું સાચું અધ્યાત્મ

મિત્રો ! સાચું અધ્યાત્મ જેને પામીને હું ન્યાલ થઈ ગયો, ધન્ય થઈ ગયો તેની પધ્ધતિ તમને હું સમજાવી રહ્યો હતો, જે આજથી પંચાવન વર્ષ પહેલાં મને શીખવવામાં અને સમજાવવામાં આવી હતી. આખી જિંદગી હું તેની ઉપર ચાલ્યો અને મારી જિંદગીમાં મેં ભગવાનને ભાગીદાર બનાવી લીધા. જિંદગીની જે દોલત છે તેમાંથી મેં શરીરને પણ મારો ભાગ આપ્યો. કમાણીમાં બંને ભાગીદાર છીએ. પછી કરીશું. માતાપિતા પછી નાના ભાઈબહેન, નાના બાળકોના દેવા ચૂકવવાના બાકી છે. નાના ભાઈબહેનોને ભણાવવા પડશે અને તેમને પોતાના પગ પર ઉભા રહેવા લાયક બનાવવા પડશે. આપણે આને માટે પણ ખર્ચ કરવાનો છે. ના સાહેબ ! અમારા ઘરમાં નાના છોકરા છે. હું તો મારા દીકરાને જ આપીશ અને ચાર છોકરાં પેદા કરીશ અને તેમની પાછળ ચાર લાખ ખર્ચ કરીશ. બેઇમાન નહીં તો બીજું શું ફકત છોકરાને જ આપીશ, બીજાને નહીં. આંખ ખૂલી, પ્રકાશ મળી ગયો

મિત્રો ! ભગવાને મારી આંખો ખોલી નાંખી અને કહ્યું કે તું મારી જિંદગીમાં ભાગીદાર છે. તું મારા માટે કામ કર. મિત્રો ! મારી આંખો એ જ દિવસથી ખૂલી ગઈ. આંખો ખૂલી જવાનો અર્થ છે - અધ્યાત્મનો પ્રકાશ મળી જવો. જે પ્રકાશને માટે આપણે પ્રાર્થના કરીએ છીએ- "તમસો મા જયોતિર્ગમય|" - હે ભગવાન ! અમને પ્રકાશ આપો, જીવનમાં ચમક ઉત્પન્ન કરો.

ચમક કોને કહે છે ? પ્રકાશ કોને કહે છે ? પ્રકાશ એને કહે છે, જે હું તમારી સામે નિવેદન કરી રહ્યો હતો, જેનાથી મારી આંખો ખૂલી ગઈ. અંધકારમાં ભટકતું પ્રાણી, અંધકારમાં ભટકતું ભૂત પ્રકાશ પામીને ન્યાલ થઈ જાય છે.

મિત્રો ! આજથી પંચાવન વર્ષ પહેલા હું મનુષ્ય બની ગયો, દેવતા બની ગયો. પંચાવન વર્ષથી લાંબી મંજિલને એક એક ડગલું ભરીને પાર કરતો આવી રહ્યો છું અને આજે તમારી સામે ઊભો છું.

હવે કયો પ્રશ્ન બાકી રહી ગયો ? હવે બેટા ! સવાલ એ બાકી રહી ગયો કે જે અધ્યાત્મની પ્રશંસા ઋષિઓએ ગાઈ, પુસ્તકોમાં ગાવામાં આવી, રામનામનું જે મહત્વ સંસારે ગાયું, ગાયત્રી મંત્રનું મહત્વ, જેના વિષયમાં અથર્વવેદે જાણે શું કહી દીધું ? ઘણીવાર તો સંદેહ થાય છે અને અવિશ્વાસ થાય છે કે આ વાતો ખોટી છે, સાચી નથી. જે ગાયત્રી મંત્રની મહત્તા હું તમને શીખવું છું અને આખી દુનિયાને સમજાવું છું, તેના વિશે અથર્વવેદમાં શું કહેવામાં આવ્યું છે ે તેના વિશે એવું જણાવવામાં આવ્યું છે - "સ્તુતા મયા વરદા વેદમાતા પ્રચોદયન્તામ્ , પાવમાની દ્વિજાનાં, આયુઃપ્રાણં પ્રજાં પશું કીર્તિં દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ મહ્યમ્ દત્વા વ્રજત બ્રહ્મલોકમ્" આ સાત વસ્તુઓ યાદ કરવાની છે. મહારાજજી ! અમને તો ત્રણ વર્ષ થઈ ત્રણ વર્ષ થઈ ગયાં, રોજ ત્રણ માળા જપ કરીએ છીએ, પરંતુ અમને તો કોઈ ચમત્કાર ન દેખાયો, હા બેટા ! ન તો ત્રણ વર્ષમાં મળ્યો છે અને હવે તારી જિંદગીના ત્રીસ વર્ષ બચ્યાં છે તેમાં પણ કશું મળવાનું નથી. શા માટે શાપ આપી રહ્યા છો ? બેટા ! એટલા માટે આપી રહ્યો છું કે તને ન તો ગાયત્રી મંત્રના વિષયમાં કોઈ જાણકારી છે અને ગાયત્રી મંત્રમાં ખાતર અને પાણી કેવી રીતે આપવામાં આવે છે તેનું તને કશું જ્ઞાન નથી. બીજ વાવવાનું તને જ્ઞાન છે. દરેક વર્ષે વૃક્ષારોપણ થતું હોય છે. મિનિસ્ટર લોકો આવે છે અને ઠેકઠેકાણે ઝાડ વાવી દે છે. અખબારોમાં રોજ છપાય છે કે એક લાખ વૃક્ષ વાવવામાં આવ્યા, પણ ખાતર પાણી આપ્યા નથી, ધ્યાન રાખ્યું નથી, બધાં જ વૃક્ષ ગાય ખાઈ ગઈ, જનાવરો ચરી ગયાં. ગાયત્રી મંત્રને પણ તમે ખાતર પાણી નાંખી નથી શકતા, ફક્ત બીજ વાવીને-માળા ફેરવીને તેની અંદર ચમત્કાર જોવા ઇચ્છો છો, પણ તે શક્ય નથી.

મિત્રો, હવે હું મારી લીલા સંકેલી લેવાની તૈયારીમાં છું. બીજી જવાબદારીઓએ મને બોલાવ્યો છે. બીજા મોરચે પણ હજુ ઘણું કામ બાકી છે. ભારતમાં આધ્યાત્મિકતાનો પ્રકાશ ફેલાવવાનું જેટલું કામ મારા નાથે હતું તે લગભગ પૂરું થઈ ગયું છે. હજુ જે કાંઈ થોડું ઘણું બાકી રહી ગયું છે તે એકાદ બે વર્ષમાં પૂરું કરી નાખીશ. પછી હું કયા જઈશ? મારી બદલી કરી નાંખવામાં આવી છે. હું બીજે ક્યાંય ચાલ્યો જઈશ. આપ ક્યાં ક્યાં જશો ? બેટા, મારે ઘણી જગ્યાએ જવાનું છે. હિંદુઓની વચ્ચે કામ કરવા હિંદ બનીને આવવું પડયું. હવે તમારે ક્યાં જવું પડશે ? બેટા, હિંદુસ્તાનમાં તો બત્રીસ તેત્રીસ કરોડ હિંદુઓ છે અને બે કરોડ બહાર છે. હજુ બીજા કોણ છે, જયાં આપ જશો ? બેટા, કરોડો મુસલમાન છે. શક્ય છે કે મારે ત્યાં જવું પડે. શું તમે ત્યાં પણ હિંદુઓની જેમ ક્રાંતિ કરશો ? હા બેટા, આવી જ ક્રાંતિ હું ત્યાં પણ કરી શકું છું. આ ઉપરાંત બીજી ઘણી જગ્યાએ મારી બદલી કરી રાખવામાં આવી છે. હું મારો બિસ્તરો ઉપાડવાની તૈયારીમાં છું.

સાથીઓ, હું તમને અહીં શા માટે બોલાવું છું ? હું તમને અહીં સંમેલનો કે ઉદ્દઘાટનો માટે નથી બોલાવતો, માત્ર સમારોહમાં ભાગ લેવા માટે નથી બોલાવતો. તો હું શા માટે બોલાવું છું ? હું એટલા માટે બોલાવું છું કે હું મારી જિંદગીનો સાર અને નિચોડ તમને સમજાવવામાં અને સોંપવામાં સફળ થઈ શકું. મારી પંચાવન વર્ષની જિંદગીનો અનુભવ એ છે કે મનુષ્ય માટે સૌથી મોટી સમજદારીની વાત અને સૌથી મોટી બહાદુરીની વાત એ જ છે કે તે ભગવાનને પોતાની જિંદગીમાં સામેલ કરી દે, પોતાની જિંદગીનું મૂલ્ય સમજે. તમે તમારી જિંદગીની કિંમત ક્યાં સમજી શકયા છો ? તમે કરોડો લોકોની જેમ પોતાને દરિદ્ર માનો છો, દુઃખી માનો છો, અભાગિયા માનો છો, પોતાને અનેક સમસ્યાઓથી ઘેરાયેલા માનો છો અને આ ઉપરાંત કોણ જાણે બીજું શું શું માનો છો. ક્યારેક આપઘાત કરવાનું પણ વિચારો છો. જિંદગીના મૂલ્યની તમને ખબર જ ક્યાં છે ? તમે જિંદગીનું મહત્વ ક્યાં સમજયા છો ? જિંદગીના સામર્થ્યની તમને ક્યાં ખબર છે ? જિંદગીની સંભાવનાઓની જો તમને ખબર હોત તો તમારી આંખો ટૉર્ચની જેમ ચમકત અને તમારી ગરદન સિંહ જેવી થઈ જાત. પછી તમે વિચાર કરત કે મારી પાસે એક ઇન્સાનની જિંદગી છે.

આ જિંદગીમાં હું કોણ જાણે શું શું કરી શકું એમ છું.

મિત્રો, ઇન્સાની જિંદગીને વેડફી નાખનારાઓને જ્યારે ભાન થયું અને એમને એનો સુયોગ્ય ઉપયોગ કરવાનું શરૂ કર્યું, તો એમને મજા આવી ગઈ. કોને કોને ભાન થયું ? એમનામાંથી એકનું નામ આમ્રપાલી છે, જે દુનિયાનું પતન કરનારી એક વેશ્યા હતી, પરંતુ એણે જિંદગીના પ્રવાહને બદલી નાખ્યો તો તે ધન્ય બની ગઈ. પછી તે શું બની ગઈ ? તે એવી ઋષિકા બની ગઈ કે ઇતિહાસમાં એનું નામ અમર થઈ ગયું. અંગુલિમાલ એક સાવ નકામો માણસ હતો, હીન માણસ હતો, ચોર અને ડાકુ હતો, પરંતુ એણે પોતાની જિંદગીની દિશા બદલી નાંખી. આવતા જન્મની વાત કોણ કરે છે ? હું તો આ જ જન્મની વાત કરું છું. અરે સાહેબ ! આવતા જન્મમાં સંત બની જઈશું અને સ્વર્ગમાં જઈશું. ના, બેટા ! આવતા જન્મમાં નહિ. હું તો આ જન્મની વાત કરું છું. અંગુલિમાલે આ જ જીવનમાં પોતાની દિશાધારા બદલી અને તે ભગવાન બુદ્ધનો જમણો હાથ બની ગયો.

## પ્રભુના તારવાની રીત

"અજામિલ, ગીધ, ગણિકા તારે, તારે સદન કસાઈ." કેમ મહારાજજી ! ભગવાન આમને તારી દે છે ? બિલકુલ તારી દે છે. કેવી રીતે ? તારી દેવાની એક જ રીત છે. પોતાની ઘૃણિત જિંદગીથી માણસ ચોંકી જાય છે અને પોતાની જિંદગીની દિશા બદલી નાંખે છે. તો શું ભગવાને બિલ્વ મંગળને તાર્યો ? હા, બિલકુલ તાર્યો, પરંતુ તારતા પહેલાં એને સુરદાસ બનાવી દીધો. માણસને તારવા માટે ભગવાન એની જિંદગીની દિશા બદલી નાખે છે. ભગવાન આપણું કલ્યાણ કરવાના છે કે નહિ તેની એક જ નિશાની છે કે તે આપણા જીવનના સ્વરૂપ અને આપણા જીવનની દિશાને બદલી નાખે છે. જો તે આમ ન કરે તો સમજી લેવું જોઈએ કે આપણી કલ્પનાઓ નિરર્થક છે. આપણને ભગવાનમાં કોઈ રસ પડે છે ? ભગવાનની સાથે આપણો કોઈ સંબંધ છે ખરો ? બિલકુલ નથી. જો ભગવાન સાથે કોઈ સંબંધ હોત તો તમારા જીવનની દિશા બદલાઈ ગઈ હોત. તુલસીદાસ સાવ નકામા માણસ હતા. તેમની વાત તમે જાણો છો, પરંતુ ભગવાને જ્યારે એમને પ્રેમ કર્યો  ત્યારે શું થયું ?

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

ભગવાનના પ્યારમાં એક જ વિશેષતા છે. તે પારસમણિની જેમ લોખંડ જેવા નકામા માણસને સોના જેવો કીમત બનાવી દે છે. તુલસીદાસજી સોનું બની ગયા. સંત બની ગયા, ઋષિ બની ગયા.

મહારાજ, મારા ઘરમાં પૂજાનો એક બાજઠ છે. એના પર દેવીની સ્થાપના છે. તને ગાયત્રીનો સ્પર્શ થયો કે નહિ ? જો કદાચ તને ગાયત્રીનો સ્પર્શ થયો હોત તો તું સોના જેવો બની ગયો હોત, પારસ જેવો બની ગયો હોત.

મિત્રો, મેં તમને એટલા માટે અહીં બોલાવ્યા છે કે હવે જ્યારે હું જવાની તૈયારીમાં છું ત્યારે જો તમારામાં સમજદારી હોય, તો તમે હિંમત કરી બતાવો અને ભગવાનની સાથે સંબંધ જોડો. સંબંધ જોડવાથી માણસ ક્યાંથી ક્યાં પહોંચી જાય છે ? બેટા, હું કાંઈ કહી નથી શકતો. મેં અનેકવાર આનાં ઉદાહરણો છાપ્યાં છે. રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો કિસ્સો મેં છાપ્યો છે. ચાણક્ય અને ચંદ્રગુપ્તનો કિસ્સો, સમર્થ ગુરુ રામદાસ અને શિવાજીનો કિસ્સો છાપ્યો છે. શંકરાચાર્ય અને માંધાતાનો કિસ્સો છાપ્યો છે. લાલબહાદુર શાસ્ત્રી અને જવાહરલાલનો કિસ્સો છાપયો છે. તમે પણ આમાંથી કંઈક શીખો અને તમે પણ ભગવાન જોડે ભાગીદારી કરી લો. આજની વાત સમાપ્ત... ૐ શાંતિ.

### જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.